**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૭૯/૨૦૨૬**
**આંક–૧ જામીન અરજી નીચે હુકમ**

======================================================

1. અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/આરોપીઓ નિર્દોષ છે, કહેવાતો ગુનો કરેલ નથી. પોલીસે શંકાને આધારે અટક કરેલા છે. આરોપી સ્થાનિક રહીશ છે, કુંટુબ કબીલા સાથે રહે છે. આરોપીને જેલમાં મોકલી આપવામાં આવે તો તેના કુટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે અને તેમના ઉજ્જવળ ભવિષ્યનો અકાળે અંત આવે તેમ છે. આરોપી નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. ફરિયાદ પક્ષ કે સાહેદો સાથે ચેડા કરે તેમ નથી કે ધાક ધમકી આપે તેમ નથી. ના.કોર્ટ જે કોઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું આરોપી ચુસ્તપણે પાલન કરશે. જે તમામ હકીકતો ધ્યાને રાખીને અરજદારો/આરોપીઓની જામીન અરજી મંજુર કરવા વિનંતી કરી છે.

2. અરજદાર તરફે વિ.વ.શ્રી નાઓએ મહદઅંશે જામીન અરજીમાં જણાવેલ હકીકતો મુજબની દલીલો કરી છે. વધુમાં ના.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું આરોપી ચુસ્તપણે પાલન કરશે અને ટ્રાયલ દરમ્યાન બિનચુક સમયસર અદાલતમાં પણ હાજર રહેશે તેમ જણાવી અરજદારો/આરોપીઓની જામીન અરજી મંજુર કરવા ભારપૂર્વક દલીલ કરી છે. જ્યારે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ વાંધો હોવા મતલબનો જામીન અરજી ઉપર શેરો કરેલ છે અને વધુમાં દલીલ કરી છે કે, આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવશે તો તપાસ ઉપર ગંભીર અસર પહોંચે તેમ હોઈ જામીન અરજી નામંજુર કરવા ભારપૂર્વક દલીલ કરી છે.

3. તમામ હકીકત અને સંજોગો ધ્યાને લીધા. એફ.આઈ.આર.,પોલીસ પેપર્સ અને આરોપી સામે નોંધાયેલ ગુનાની ગંભીરતા ધ્યાને લીધી. આ તબક્કે નામદાર સુપ્રિમકોર્ટે Arnesh Kumar Versus State of Bihar, AIR 2014 SUPREME COURT 2756 :: 2014 AIR SCW 3930, Satender Kumar Antil v. Central Bureau Of Investigation, AIROnline 2022 SC 956 :: 2022 SCC OnLine SC 825, MISCELLANEOUS APPLICATION – 1849 of 2021, decided on 11/07/2022 અને Sanjay Chandra Versus CBI, 2011(8) Supreme 270, Supreme Court of India ના કામે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લીધા. પ્રસ્તુત કામે જોવામાં આવે તો આરોપી સામે મોતની, આજીવન કેદની કે સાત વર્ષથી વધુ સજાને પાત્ર ગુનો નોંધાયેલ નથી. આરોપી સ્થાનિક રહીશ છે, તપાસમાં સહકાર આપવાની ખાતરી આપે છે. જે તમામ હકીકતો ધ્યાને રાખવામાં આવે તો તપાસ અને ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ છે. આરોપીને ચુસ્ત અને કડક શરતોને આધીન જામીન મુક્ત કરવામાં આવે તો તે ઉચિત જણાતું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

1. અરજદાર/આરોપીઓ તરફે રજૂ હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.
2. અરજદાર/આરોપીઓ નામે– **અલ્તાફ ઉર્ફે અલ્તુ એસ/ઓ સરદાર પઠાણ ઉ.વ.૨૫ નાઓની આરોપીએ રૂા. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી લિંબાયત પોલીસ સ્ટેશન પાર્ટ–એ– ગુ.રજી.નં. ૧૧૨૧૦૦૨૫૨૬૧૦૨૫/૨૦૨૬ બી.એન.એસ.– ૨૦૨૩ ની કલમ–૩૦૪(૨),૫૪** મુજબના ગુનાના કામે નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>**

1. અરજદાર/આરોપીઓએ ચાર્જશીટ દાખલ થાય નહીં ત્યાં સુધી દર અંગ્રેજી માસની ૧લી અને ૧૫મી તારીખે સવારના કલાક ૦૯–૦૦ થી કલાક ૦૫–૦૦ વાગ્યા દરમ્યાન તપાસ અધિકારીશ્રી સમક્ષ હાજરી પુરાવવી.
2. અરજદાર/આરોપીઓએ ત.ક.અ.શ્રીને તપાસમાં સંપૂર્ણ સાથ સહકાર આપવો.
3. અરજદાર/આરોપીઓએ આ પ્રકારના કે અન્ય કોઈ ગુનામાં સંડોવાવુ નહીં.
4. અરજદાર/આરોપીઓએ ફરિયાદી, સાહેદોને લોભ–લાલચ કે ધાક–ધમકી આપવી નહીં.
5. અરજદાર/આરોપીઓએ પોતાનું રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર સહીત જાહેર કરવું તથા ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.
6. અરજદાર/આરોપીઓએ ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

હુકમ આજ તા. ૦૭ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ –૦૭.૦૩.૨૦૨૬
સ્થળ – સુરત

(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)
જજ કોડ – જીજે૦૧૬૦૬
જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ),
સુરત